# અમૂલ દૂધના ભાવમાં બે રૂપિયાનો વધારો

## અમૂલની બધી બ્રાન્ડના દૂધ ભાવમાં વધારો થતાં સામાન્ય લોકોમાં નારાજગી : ભાવ વધારા માટેના કારણો અપાયા

ગાંધીનગર, તા.૦૩

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો ઉપર વધુ બોજ ઝીંકાઈ ગયો છે. કારણ કે, અમૂલે ફરી એકવાર દૂધની કિંમતમાં પ્રતિલીટર બે રૂપિયા સુધીનો જંગી વધારો ઝીંકી દીધો છે. આ ભાવ વધારાથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના બજેટ બગડી શકે છે. ભાવ વધારા માટેના કેટલાક કારણો પણ આપવામાં આવ્યા છે. અમૂલની તમામ બ્રાંડની કિંમતમાં બે રૂપિયાનો વધારો તરત જ અમલી કરી દેવામાં આવ્યો છે.

આણંદ સ્થિત અમુલ દ્વારા દુધમાં ભાવવધારો કરવાની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. મહિનાના બજેટને આધુપાછુ કરી બે છેડા મેળવવાની કોશિશમાં મધ્યમવર્ગીય ગૃહિણીઓને વધુ એક ફટકો દુધમાં ભાવ વધારો થવાથી પડી રહ્યો છે.

અમુલે આવતીકાલથી રાજયમાં પ્રતિ લિટર રૂપિયા બેનો ભાવ વધારો અમલી બનાવ્યો છે. નવા લાગુ પડેલા ભાવ સાથે અમુલ ગોલ્ડ, અમુલ શક્તિ, અમુલ તાજા, અમુલ સ્લિમ એન્ડ ટ્રીમ, અમુલ ટી સ્પેશિયલ અને અમુલ કાઉ મિલ્કમાં આવતીકાલથી ૨ રૂપિયા વધી જશે ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, જે અમુલનું માર્કેટીંગ કરતી સંસ્થા છે તેણે અમુલ ચીઝ, બટર ઘી, છાશ અને આઈસ્કીમ વગેરે ડેરી પ્રોડક્ટમાં ભાવવધારો કર્યો છે તેમાં દુધમાં બે રૂપિયાનો વધારો આજે જાહેર કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગત દિવસોમાં દુધ ઉત્પાદકો પાસેથી દુધ ખરીદીના ભાવમાં પણ ૧૦ રૂપિયાનો વધારો જાહેર કરવામાં આવ્યો હતો. જેને પગલે આશંકા સેવાઈ રહી હતી કે અમુલ દુધના વેચાણભાવમાં વધારો કરશે. જોકે એપ્રિલને બદલે માર્ચમાં જ આ નવો ભાવવધારો ઝીંકી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે જુન મહિનામાં પ્રતિ લિટર બે રૂપિયા ભાવ વધારો કરવામાં આવ્યો હતો, ત્યાં ફક્ત ૮ માસમાં જ ફરીથી ૨ રૂપિયા વધાર્યા છે. ૨૦૦૬થી લઈને અત્યાર સુધી અમુલે ૨૨ વખત દુધનો ભાવવધારો કર્યો છે.

## અધ્યાપક સહાયક મંડળ દ્વારા પડતર પ્રશ્નો અંગે શિક્ષણમંત્રીને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૩

અધ્યાપક સહાયકોને ફિકસ પગારમાં વધારો, સેવાની શરતોમાં સુધારો તેમજ ફાજલ તરીકેના રક્ષણનો લાભ આપવા સહિતની માંગણીઓ વર્ષોથી પડતર છે. તંત્ર સમક્ષ અધ્યાપકોની વારંવાર રજુઆત છતા સરકાર કક્ષાએથી કોઈપણ નિર્ણય હજુસુધી આવ્યો નથી. ત્યારે તાજેતરમાં અધ્યાપક સહાયક મંડળ દ્વારા રાજયના શિક્ષણમંત્રીને આવેદનપત્ર આપી પડતર માંગણીઓનું ઝડપી નિરાકરણ આવે તે માટે માંગ કરી છે.

ગુજરાત રાજયની ગ્રાન્ટેડ કોલેજોમાં સહાયક અધ્યાપક તરીકે સેવા બજાવતા અધ્યાપકોની છેલ્લા ઘણા સમયથી પડતર માંગણીઓ છે. પરંતુ આજદિન સુધી કોઈ નિરાકરણ આવ્યું નથી. સહાયક અધ્યાપક મંડળ દ્વારા ૧૮ માસથી સરકાર કક્ષાએ રજુઆત કરવામાં આવી છે. તેમ છતા સરકાર કક્ષાએથી હકારાત્મક નિર્ણય આજદિન સુધી આવ્યો નથી. અધ્યાપક સહાયકોની પડતર માંગણીઓમાં મુખ્યત્વે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોની જેમ ગ્રાન્ટેડ કોલેજના અધ્યાપક સહાયકોને પણ ફાજલ તરીકેનું રક્ષણ આપવું, ફિકસ પગારના કર્મચારીઓને પગારમાં જે વધારો અને સેવાની શરતોમાં જે સુધારો જાહેર કર્યો છે. તેમા અધ્યાપક સહાયકોને બાકાત રાખવામાં આવ્યા છે. જેનો લાભ અધ્યાપક સહાયકોને પણ તાત્કાલીક અસરથી આપવાનો સમાવેશ થાય છે. ત્યારે આ તમામ માંગણીઓને અનુલક્ષી તાજેતરમાં મંડળ દ્વારા રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને આવેદન આપી ઝડપી ઉકેલ લાવવા અનુરોધ કર્યો છે.

## 'પહેલુ સુખ તે જાતે નર્યા' સ્વાસ્થ્ય સંગોષ્ઠી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩

અડાલજની માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિરમાં સ્વાસ્થ્ય સંગોષ્ઠી કાર્યક્રમ યોજાયો. માણેકબા ડીએસએડ્ કોલેજના આચાર્ય સુરેખાબેન ચૌધરી અને સામુહિક આરોગ્ય કેન્દ્ર અડાલજના ડૉ. વિપુલભાઈ સોનેરીના સહયોગથી આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આરોગ્ય કેન્દ્રના મહિલા ડૉ. શીતલબેન શાહ, પરેશભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. ભાગ લેનાર તમામ પ્રશિક્ષણાર્થી બહેનોને પોતાના ખોરાક ઉપર ધ્યાન કેન્દ્રીત કરવુ, એનિમિયા, એચઆઈવી, મહિલાઓના ગુપ્ત રોગો પર માર્ગદર્શન પુરૂ પાડ્યુ. સાથે બહેનોને આરોગ્ય કીટ અપાઈ હતી. કન્વિનર બેલાબેન દ્વારા કાર્યક્રમનું સમાપન કરાયું હતુ.

## વણકર સેવા સમાજ દ્વારા ૧૨મીએ જીવનસાથી પસંદગી સંમેલન

ગાંધીનગર, તા. ૩

અમદાવાદ વણકર સેવા સમાજ દ્વારા સમગ્ર ગોળ, વણકર સમાજના યુવક-યુવતિઓ માટે જીવનસાથી પસંદગી મેળો યોજાશે. આઠમા જીવનસાથી પસંદગી મેળામાં ભાગ લેવા માટે ૧૨ માર્ચ સુધી સંસ્થાના પ્રતિનિધિ ડી.એમ. પરમાર મો. નં. ૯૫૭૪૧-૨૨૦૨૩નો સંપર્ક કરવો. વણકર જ્ઞાતિના લગ્ન, પુનઃલગ્ન, શા.રિ. અપંગ, વિધવા, વિધુર પણ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.

## ડાકોર તરફ દોરી જતો માર્ગ હજુ પણ ધૂળિયો બનેલો છે

અમદાવાદ, તા.૩

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજથી દશ વર્ષ અગાઉ જે માર્ગને ભકિતમાર્ગ તરીકે વિકસાવવાની જાહેરાત કરવામાં આવી હતી.તે જશોદાનગર ચાર રસ્તાથી હાથીજણ સુધીનો માર્ગ આજે પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિકસાવવામાં ન આવ્યો હોઈ આ માર્ગ ધૂળીયો બનવા પામ્યો છે.રવિવારથી આ માર્ગ ઉપર આવતા સપ્તાહે હોળી અને ધૂળેટીના પર્વ આવી રહ્યા હોઈ લાખ્ખોની સંખ્યામાં આ માર્ગથી ભાવિક શ્રધ્ધાળુઓ ડાકોર પહોંચશે.

## પીડીપીયુમાં દેશના સર્વપ્રથમ ડ્રિલીંગ સિમેન્ટીંગ એન્ડ સ્ટીમ્યુલેશન સંશોધન કેન્દ્ર ખુલ્લુ મુકાયુ

ગાંધીનગર, તા. ૩

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સંસ્થા પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (પીડીપીયુ)માં સ્થપાયેલા દેશના સર્વપ્રથમ ડ્રિલીંગ સિમેન્ટીંગ



એન્ડ સ્ટીમ્યુલેશન રિસર્ચ સેન્ટરને ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વિધિવત ખુલ્લુ મુક્યું હતું.

મુખ્ય મહેમાનપદેથી બોલતા નીતિનભાઈ પટેલે જણાવ્યું કે, 'ગુજરાત સરકારનાં સહયોગથી પીડીપીયુ દ્વારા ખુબ ઓછા સમયમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું સંશોધન કેન્દ્ર પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. જે માટે હું ગુજરાત સરકાર તરફથી પીડીપીયુને હાર્દિક શુભેચ્છા અને અભિનંદન પાઠવું છું. આવનારા સમયમાં જ્યારે ભારત દેશ ઉર્જાની કટોકટી અનુભવી રહ્યો છે, ત્યારે આ પ્રકારનાં સંશોધન કેન્દ્રની ઘણી જરૂરિયાત છે. તેલ તથા ગેસ ક્ષેત્રની મંદીનાં સમયે આ ક્ષેત્રમાં નવા સંશોધનની આંતરરાષ્ટ્રીય સ્તરે ખુબ આવશ્યકતા છે. તેથી આ સંશોધન કેન્દ્ર આ દિશામાં જરૂરી માર્ગદર્શન પુરૂ પાડશે તેવી અપેક્ષા છે.

આ સંશોધન કેન્દ્ર ઔદ્યોગિક જગત તથા શૈક્ષણિક જગત વચ્ચે સેતુનું કાર્ય કરશે. આ કેન્દ્ર ભારતનાં શૈક્ષણિક જગતમાં પીડીપીયુના માધ્યમથી સ્થપાયેલી આધારશિલા તરીકેનું કામ કરશે. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાના સંશોધનકારો આ કેન્દ્રનો સંપૂર્ણ લાભ ઉઠાવી શકશે અને ઔદ્યોગિક જગતના પ્રશ્નોના ઉકેલ માટે પણ આ કેન્દ્ર પીડીપીયુ સાથે મળીને ભવિષ્યનાં તેલ તથા ગેસ ક્ષેત્રના નીતિ વિષયક નિર્ણયો લેવા માટે પણ આ સંશોધન કેન્દ્રનો ઉપયોગ કરી શકશે.

પીડીપીયુમાં સ્થપાયેલા નવનિર્મિત ડ્રિલીંગ સિમેન્ટીંગ એન્ડ ટીમ્યુલેશન રિસર્ચ સેન્ટર (ડીસીએસ)ને ગુજરાત સરકાર તરફથી રૂ. ૧૦ કરોડની સહાય મળી છે. આ સંશોધન કેન્દ્રની વિકાસ પ્રવૃત્તિઓ માટે યુએસએની યુનિવર્સિટી ઓફ ઓકલાહોમાનાં પ્રોફેસર એમિરેટ્સ અને પીડીપીયુના શેલ ટોટલ ચેર પ્રોફેસર સુભાષ શાહ તરફથી રૂ. ૨૦ લાખની આર્થિક સહાય મળી છે. આ સંશોધન કેન્દ્ર ઉદ્યોગ અને વ્યવસાયિક સંસ્થાઓ માટે સંશોધનની ભૂમિકા પૂરી પાડીને સેતુ બનવાનું કાર્ય કરશે.

પીડીપીયુના ડીસીએસમાં સિમેન્ટ સ્લરી ડિઝાઈન અને ઈવેલ્યુએશન, ફોર્મેશન ડેમેજ ઈવેલ્યુએશન અને રેમેડીયેશન, રિઝર્વોયર સ્ટીમ્યુલેશન એપ્લીકેશન માટે હાઈ પ્રેસર, હાઈ ટેમ્પરેચર પ્રોપેન્ટ કન્ડક્ટીવીટી ડિટમીનેશનના અત્યાધુનિક સંસાધનો ઉપલબ્ધ છે.

સ્કૂલ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજીના ડાયરેક્ટર પ્રો. અનિરબિંદ સિરકારે જણાવ્યુ કે, 'ડ્રિલીંગ સિમેન્ટેશન અને સ્ટીમ્યુલેશન લેબ ભારતમાં સર્વપ્રથમ લેબ છે, કે જે વિદ્યાર્થીઓ, શિક્ષણવિદો અને ઉદ્યોગોને એક સાથે જોડે છે.'

## જીવણપુર પાસે અકસ્માતમાં એકનું મોત

મોડાસા તા.૩

અરવલ્લી જિલ્લામાં મોડાસા-શામળાજી હાઈવે ઉપર જીવણપુર નજીક બનેલી અકસ્માતની ઘટનામાં ટ્રકની ટક્કરે જીવલેણ ઈજાગ્રસ્ત બોલુદરાના આશાસ્પદ યુવકનું અમદાવાદની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. યુવાન શામળાજી મંદિર ટ્રસ્ટમાં સેવા આપતો હતો.

મોડાસાના બોલુંદરા ગામનો રહીશ યુવાન ધર્મેન્દ્રસિંહ ભારતસિંહ રહેવર તાજેતરમાં શામળાજીમાં તે દિવસની નોકરી પુરી થતા રોજિંદા સમય મુજબ સાંજના શામળાજીથી નીકળી બાઈક ઉપર પોતાના ગામ બોલુંદરા આવી રહયો હતી ત્યારે જીવણપુરના બસ સ્ટેન્ડેથી બોલુંદરા તરફ વળતાં પુરપાટ ઝડપે આવતી ટ્રકે પાછળથી તેની બાઈકને જીવલેણ ટક્કર મારતા તેના માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ થતા તે સમયે જ તેને ઈમર્જન્સી સેવામાં મોડાસા અને ત્યાંથી અમદાવાદ ખાનગી હોસ્પિટલે ખસેડાયો હતો.

## સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતમાં એમફીલ, પીએચ.ડીનો કોર્ષ ગુજરાતીમાં શરૂ કરવા એબીવીપી દ્વારા આવેદનપત્ર

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૯માં વર્ષ ૨૦૦૯ થી સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતની સ્થાપના કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતમાં ગુજરાતી ભાષામાં એમફીલ અને પીએચડીના કોર્ષની શરુઆત કરવામાં આવી નથી. જેથી ગુજરાતના વિદ્યાર્થીઓ ભારત સરકારની સહાયથી વંચિત રહી જાય છે. ત્યારે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતમાં આગામી શૈક્ષણિક વર્ષ - ૨૦૧૭થી ગુજરાતીમાં એમફીલ અને પીએચડીનો કોર્ષ શરુ કરવામાં આવે તેવી માંગ સાથે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગાંધીનગરના કાર્યકરોએ વાઈસ ચાન્સેલરને આવેદનપત્ર પાઠવી આ અંગે સત્વરે યોગ્ય કરવા રજુઆત કરી છે.

પાટનગરમાં સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતની આઠ વર્ષથી સ્થાપના થઈ છે. પરંતુ ગુજરાતી ભાષામાં એમફીલ અને પીએચડીનો કોર્ષ યુનિવર્સિટી દ્વારા શરુ કરાયો નથી. જયારે ભારતના અન્ય રાજયોની સેન્ટ્રલ યુનિવર્સિટીમાં પ્રાદેશીક ભાષામાં એમફીલ, પીએચડીનો કોર્ષ ચાલે છે. જેમાં કર્નાટક, કેરાલા, ઓરીસ્સા, પંજાબ, તમિલ અને કાશ્મીરનો સમાવેશ થાય છે. આ તમામ રાજયોની સેન્ટ્રલ યુનિવર્સિટીમાં પ્રાદેશીક ભાષામાં એમફીલ, પીએચડીનો કોર્ષ ચાલતો હોય તો સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતમાં ગુજરાતી ભાષામાં એમફીલ અને પીએચડીનો કોર્ષનો પ્રારંભ કેમ ના થઈ શકે તે વિદ્યાર્થીઓને સમજાતું નથી. ત્યારે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગાંધીનગર દ્વારા સેન્ટ્રલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર એસ.એ.બારીને આવેદન પત્ર પાઠવી ગુજરાતી ભાષામાં આગામી શૈક્ષણિક વર્ષથી એમફીલ અને પીએચડીનો અભ્યાસક્રમ શરુ કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે.

## અખિલ ભારતીય કુંભકાર મહાસંઘ દ્વારા મહિલા સંમેલન યોજાશે

અખિલ ભારતીય કુંભકાર (પ્રજાપતિ) મહાસંઘ ગુજરાત પ્રદેશ આયોજીત મહિલા સંમેલન યોજાશે. કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરી, સંસદ સભ્ય જયશ્રીબેન પટેલ તેમજ સમાજના આગેવાનો હાજર રહેશે. તેઓ મહિલા સશક્તિકરણ તેમજ સમાજમાં મહિલાઓની ભૂમિકા વિશે માર્ગદર્શન પુરૂ પાડશે. કાર્યક્રમ ૫ માર્ચના રોજ બપોરે ૧.૩૦ કલાકે રસરાજ જે.કે. માર્ટ પાર્ટી પ્લોટ, સરદાર પટેલ, રીંગરોડ કઠવાડા રિંગરોડ ખાતે યોજાશે. તેમ ગોવિંદભાઈ એમ. પ્રજાપતિ, મહામંત્રી પોપટલાલ એસ. પ્રજાપતિએ મહિલાઓને હાજર રહેવા જણાવ્યુ છે.

## આ પણ વાંચીએ...

### ● ઉભા પાક પર ખેડૂતો દારૂનો છંટકાવ કરે છે



ભારત ખેતીપ્રધાન દેશ છે. અહીં ઘણા લોકો મોટી સંખ્યામાં ખેતી સાથે જોડાયેલા છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે ખેતી કરવાવાળા ખેડૂતો હવે ઉભા પાક પર દેશી દારૂનો છંટકાવ કરે છે. જયપુરના શેખાવટી ગામના ખેડૂતો ઉભા પાકને બચાવવા જંતુનાશક દવાઓના ઉપયોગની જગ્યાએ દેશી અથવા અંગ્રેજી દારૂનો ઉપયોગ કરે છે. ખેડૂતોનો તર્ક છે કે આના ઉપયોગથી સારો પાક થાય છે. ખેડૂતોના આ પ્રયોગથી અન્ય ખેડૂતો પણ પ્રભાવિત થયા છે અને તેઓએ પણ આ પ્રયોગ શરૂ કર્યો છે.

### ● ઉંઘવા માટે હોટલમાં બનાવાયા ટ્રાન્સપરન્ટ બબલ્સ



મનગમતા પાત્ર સાથે ખુલ્લા આકાશ નીચે તારાઓ જોવાની ઈચ્છા ઘણાં વ્યક્તિઓનું સ્વપ્ન હોય છે. આ સ્વપ્નને પુર્ણ કરવા ફ્રાન્સની એક હોટલે અનોખો પ્રયોગ કર્યો છે. અહીં મોટા મોટા ટ્રાન્સપરન્ટ બબલ્સ બનાવવામાં આવ્યા છે. જેમાં તારાઓભર્યુ આકાશ જોઈ આરામથી ઉંઘી શકે છે.

### ● સૂર્ય ન નીકળ્યો તો ગ્રામવાસીઓએ જાતે સૂર્ય બનાવી નાંખ્યો

આ દુનિયા અજીબોગરીબ સ્થળો અને માન્યતાઓથી ભરેલી



છે. તેવુ જ એક સ્થળ-ગામ ઈટાલીનું વિગલ્લેના છે. આ ગામમાં સૂર્ય નીકળતો ન હોવાથી ગ્રામજનોએ પોતાનો સૂર્ય બનાવી લીધો હતો. આ ગામની સૌથી મોટી મુશ્કેલી એ છે કે અહીંના લોકો સૂર્યના તડકા માટે તરસી જાય છે. આ ગામની એકદમ નજીક એક પર્વત છે. આ પર્વત સૂર્યને એવી રીતે ઢાંકી દે છે કે અહીં સુધી સૂર્યનો તડકો પહોચતો નથી. ગ્રામવાસીઓની તડકો ખાવાની ઈચ્છાને માન આપી અરીસાઓમાંથી એક આર્ટીફિશિયલ સૂર્ય બનાવવામાં આવ્યો છે. સૂર્યના કિરણો તેના પરથી પરાવર્તિત થઈને ગામને તડકો પહોંચાડી રહ્યા છે.

## મગફળીનો જથ્થો સમયસર ટેકાની કિંમતે ખરીદી લેવાયો

રાજયસરકારે ખેડૂતોને લાભ આપવાના હેતુસર મગફળી સમયસર ટેકાના ભાવે ખરીદી લીધી છે. આનાથી સીધો ફાયદો ખેડૂતોને મળે તેવો ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો છે. ચાલુ વર્ષે મગફળીનું વ્યાપક ઉત્પાદન થતાં ખેડુતોને પોષણક્ષમ ભાવો મળી રહે એ હેતુથી રાજય સરકારે સંવેદનશીલતા દાખવીને સમયસર ૮૬ ખરીદ કેન્દ્રો પરથી ૮૮૯.૨૯ કરોડની કુલ ૨.૧૦૭ લાખ ટન મગફળીની ટેકાના ભાવે ખરીદી કરી છે. કૃષિ અને સહકાર મંત્રી ચીમનભાઈ સાપરીયાએ આજે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, રાજય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ સમયસર દરખાસ્ત કરી અને કેન્દ્ર સરકારે પણ ત્વરિત મંજુરી આપતાં ખેડુતોને પોષણક્ષમ ભાવો મળી રહ્યા. આ માટે તેમણે રાજયના તમામ ખેડુતો વતીથી આભારની લાગણી પ્રદર્શિત કરી હતી. તલાલાના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના પ્રશ્નનો જવાબ આપતાં મંત્રી ચીમનભાઈ સાપરીયાએ જણાવ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ, કોડીનાર, ઉના, તલાલા, ગીર ગઢડા ધોકળવા અને કોડીનાર તાલુકાઓમાંથી ૨.૧૬ લાખ ક્વિંટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. જેનું મુલ્ય ૯૦૯૬.૮૭ લાખ થાય છે. મંત્રી ચીમનભાઈ સાપરિયાએ જણાવ્યું હતું કે, ટેકાના ભાવે ખરીદીનો લાભ સીધો ખેડુતોને જ મળે અને વેપારીઓ ખેડુતોના ભોગે લાભ ન મેળવી જાય તે માટે રાજય સરકાર દ્વારા પુરતી કાળજી લેવામાં આવી રહી છે.

### મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમાજવાદી પાર્ટીએ નવ બેઠકો જીતી હતી. જો કે આ વખતે આજમગઢમાં મુલાયમસિંહે એક પણ રેલી કરી નથી. છઠ્ઠા તબક્કામાં ૭૭ લાખ ૮૫ હજાર મહિલા સહિત એક કરોડ ૭૨ લાખ મતદારો છે. આ તમામ મતદારો કુલ ૬૩૫ ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો કરનાર છે. આના માટે ૧૭૯૨૬ મતદાન કેન્દ્રુ ભા કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૨માં આ સીટો પૈકી સમાજવાદી પાર્ટીએ ૨૭, બહુજન સમાજવાદી પાર્ટીએ સાત અને કોંગ્રેસે ચાર સીટ જીતી હતી. અન્ય બે સીટો અન્યના ખાતામાં જ ગઈ હતી. આ તબક્કામાં ભાજપના હિન્દુત્વવાદી નેતા અને સાંસદ મહન્ત આદિત્યનાથના સંસદીય ક્ષેત્ર ગોરખપુર, માફિયા નેતા મુખ્તાર અંસારીના ક્ષેત્ર મઉ અને કેન્દ્રિય પ્રધાન કાલરાજ મિશ્રાના સંસદીય ક્ષેત્ર દેવરિયામાં ચૂંટણી પર તમામની નજર રહેશે. છઠ્ઠા તબક્કામાં નેપાળ સાથે જોડાયેલા મહારાજગંજ અને કુશીનગરની સાથે સાથે ગોરખપુર, દેવરિયા, આજમગઢ, મઉ અને બલિયા જિલ્લાની ૪૯ બેઠકો પર ચોથી માર્ચના દિવસે મતદાન થનાર છે. આ તબક્કાના ચૂંટણી પ્રચારમાં ભાજપ, સમાજવાદી પાર્ટી, બહુજન સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોએ તમામ તાકાત લગાવી દીધી હતી. આ પ્રચાર દરમિયાન જોરદાર આક્ષેપબાજીનો દોર ચાલ્યો હતો.

### હિંસક સંઘર્ષ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો જેમાં ત્રણ લોકોને ઈજા થઈ હતી. અત્રે નોંધનીય છે કે, ડેમોક્રેટિક યુથ ફેડરેશન ઓફ ઈન્ડિયા સીપીએમની યુવા પાંખ તરીકે છે. આ અથડામણ થયા બાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. આ અગાઉ પણ સીપીએમના કોઝીકોડ સ્થિત વિષ્ણુ મંગલમ ઓફિસમાં કેટલાક વણઓળખાયેલા લોકોએ આગ ચાંપી દીધી હતી. આ ઘટના ગુરુવારે મોડી રાત્રે બની હતી જેમાં કોઈને કોઈ નુકસાન થયું નથી. પોલીસ દ્વારા સમગ્ર મામલામાં તપાસ કરવામાં આવી રહી છે. આ અગાઉ સંઘની ઓફિસ નજીક થયેલા બ્લાસ્ટમાં આરએસએસના ત્રણ લોકોને ગંભીરરીતે ઈજા થઈ હતી. આ તમામને કોઝિકોડેની સરકારી મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા છે. આ હુમલો સંઘના નેતા કુંદન ચંદ્રાવતની એવી ટિપ્પણી બાદ કરાયો હતો.

### ઝંઝાવાતી પ્રચાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

માર્ચના દિવસે કરંટ લાગનાર છે. આ કરંટ પ્રજાની તાકાતના તાર અને ઉર્જાથી લાગશે. મિરઝાપુરમાં રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, મિરઝાપુરના લોકોએ પોતાના રેકોર્ડ જ તોડી દીધા છે. તેઓ જે રેલીમાં જાય છે ત્યાં ભારે ભીડ હોય છે. ઉત્તરપ્રદેશની ચૂંટણી એક ઉત્સવ સમાન છે. ઉત્તરપ્રદેશની આ ચૂંટણી સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને કોંગ્રેસની મુક્તિ માટેનો ઉત્સવ છે. ઉત્તરપ્રદેશમાં વિકાસને લઈને અખિલેશ યાદવ પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, ૧૩ વર્ષ અગાઉ મુલાયમસિંહ યાદવે પ્રજાને જે વચન આપ્યું હતું તેમના પુત્ર અખિલેશ યાદવ ૧૩ વર્ષ બાદ પણ પૂર્ણ કરી શક્યા નથી. મોદીએ કહ્યું હતું કે, અખિલેશ તેમને પણ કામ બતાવતા રહે છે. આ ખુબ સારી બાબત છે. મુખ્યમંત્રી છે. તેઓ અહીંના સાંસદ છે. તેમનો અધિકાર બને છે. તેઓ કામ બતાવી શકે છે. જો કોઈ મુખ્યમંત્રી કોઈ કામ બતાવે તો તેમને કરવા પણ જોઈએ. ઉત્તરપ્રદેશમાં યુવાનોને રોજગારી મળી રહી નથી. ઉત્તરપ્રદેશમાં તાર હોય છે પરંતુ તેમાં વિજળી હોતી નથી. ઉત્તરપ્રદેશમાં દરેક ચીજના રેટ ચાલે છે. તમામ કામ પૈસાથી થવાના રિવાજ ચાલે છે. ભ્રષ્ટાચાર ચારેબાજુ ગળાડૂબ છે. આનાથી ગરીબ વ્યક્તિ મરે છે. ઉત્તરપ્રદેશમાં એવી સરકાર છે જેને કોઈ પ્રવાસની ચિંતા નથી કે, કોઈ વિકાસની ચિંતા નથી. પૂર્વાંચલને પશ્ચિમની બરોબર લાવવાની જરૂર છે ત્યારે જ પ્રગતિ દેખાશે.

### આજથી બીજી ટેસ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦૦૧ની શ્રેણી અને શ્રીલંકા સામે વર્ષ ૨૦૧૫ની શ્રેણીની પ્રેરણા લેવી પડશે. એમ તો આ તમામમાં માત્ર ઈંગ્લેન્ડવાળી શ્રેણી એવી હતી જેમાં ચાર અથવા તો વધારે ટેસ્ટ મેચ રમાઈ હતી. બાકી બન્ને શ્રેણી ત્રણ ટેસ્ટ મેચોની હતી. ભારતે અલબત્ત બે પ્રસંગે વેસ્ટ ઈન્ડિઝની સામે વર્ષ ૧૯૮૭-૮૮માં ઈંગ્લેન્ડની સામે વર્ષ ૨૦૦૨માં ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં બન્ને શ્રેણીમાં પ્રથમ ટેસ્ટ મેચ ગુમાવી દીધા બાદ શ્રેણીને ૧-૧થી બરોબર કરી હતી. ભારત કુલ આઠ વખત પ્રથમ ટેસ્ટ મેચ હારી ગયા બાદ શ્રેણી ડ્રો કરવામાં સફળ રહ્યુ છે.

### મહિલા સરપંચો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જવામાં આવશે ત્યાં તેઓની ગ્રામજનો સાથે મુલાકાત પણ કરાવાશે એટલુ જ નહિ વિકાસ કેવી રીતે કરવામાં આવ્યો તેને લઈ ખાસ પ્રશ્નોત્તરી કરાશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરમાં અગાઉ જે રાજ્યો ફાળવવામાં આવ્યા હતા તેમાં ફેરફાર કરીને હવે બિહાર, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### નારીશક્તિનો પ્રવાહ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે પ્રવાસ બસમાં ૫૦ ટકા રાહત સાથે શ્રવણતીર્થ દર્શન યોજના માટે ૪ કરોડની ફાળવણી વગેરેની વિસ્તૃત સમજ આપી હતી. અત્રે એ નિર્દેશ કરવો આવશયક છે કે વિધાનસભાના હાલ ચાલી રહેલા અંદાજપત્ર સત્રમાં વિધાનગૃહમાં કામગીરી નિહાળવા રોજેરોજ રાજયના વિવિધ જિલ્લાઓ ગ્રામીણ ક્ષેત્રોની મહિલાશક્તિ વિશાળ સંખ્યામાં આવે છે. રાજયભરની ગ્રામીણ નારીશક્તિને ગૃહની કાર્યવાહી તથા લોકશાહીના સર્વોચ્ચ મંદિર સમાન વિધાનગૃહથી ભલિભાંતિ પરિચીત કરાવવાનો ઉદાત ભાવ મુલાકાત પ્રવાસનો છે.

### બીકે શિવાની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પછી થયું એવું કે ૨૦૦૭માં મુખ્ય પ્રશિક્ષકોની ગેરહાજરીમાં એમને ભાવકોના પ્રશ્નોના જવાબો આપવાની જવાબદારી મળી ને આ જવાબદારીએ એક સફળ વક્તાનો પરિચય દુનિયાને કરાવ્યો. આ જ જવાબદારીમાંથી બ્રહ્માકુમારીઝના સફળ કાર્યક્રમ 'અવેકનિંગ વિથ બ્રહ્માકુમારીઝ'ની શરૂઆત થઈ અને દુનિયાને શિવાની દીદી નામે એક નવી પ્રતિભાનો પરિચય થયો.

### ફુટપટ્ટી નાની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મંજુરી માટે યુપીએ સરકારે દશ દશ વર્ષ કેમ લગાડયા હતા. ડૉ.બાબાસાહેબ આબેડકરનો ઉલ્લેખ કરી ચુડાસમાએ જણાવ્યું હતું કે, ડૉ.બાબા સાહેબ આંબેડકરને ભારતરત્નનો અવોર્ડ અટલ બિહારી બાજપાઈના નેતૃત્વ હેઠળની ભાજપા એનડીએ સરકારે આપ્યો હતો, તે કોંગ્રેસ ભુલવુ જોઈએ નહિ. ડૉ.બાબાસાહેબ પ્રત્યે આદરની લાગણી વ્યક્ત કરવા તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ગુજરાતની ભાજપા સરકારે બધારણયાત્રા કાઢી હતી. તે પણ કોંગ્રેસ ન ભુલે. રાજયમાં યોજાતા વાયબ્રન્ટ ગુજરાત અને નવરાત્રી મહોત્સવ, પતગોત્સવ, રણોત્સવ, જેવા રાજય સરકાર ધ્વારા યોજાતા કાર્યક્રમો અંગે વિપક્ષી સભ્યોએ કરેલી આલોચનાનો વળતો તાર્કિક જવાબ આપતા ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે વાયબ્રન્ટ ગુજરાતના આયોજનના કારણે આજે દેશ અને સમગ્ર વિશ્વમાં ગુજરાતનું નામ રોશન થયું છે. એક ઉદ્યોગપ્રિય રાજય તરીકે ગુજરાતની નવી ઓળખ પ્રસ્થાપિત થઈ છે.